# ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ થાવરચંદ ગેહલોત, મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ભારત સરકાર, નવી દિલ્હીના હસ્તે આપવામાં આવ્યો છે. નિગમના અધ્યક્ષ નંદાજી વી. ઠાકોર અને મેનેજીંગ ડીરેક્ટર જશવંત ગાંધીએ આ એવોર્ડ સ્વીકારેલ છે.

સમગ્ર દેશમાં બક્ષીપંચની કામગીરી સાથે સંકળાયેલા ૫૦ જેટલા નિગમોની કામગીરીમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને વર્ષ ૨૦૧૫-૧૬ની કામગીરીના મહત્વના માપદંડો જેવા કે લાભાર્થીઓને સમયસર ધિરાણ, વસુલાતની સક્ષમ કામગીરી, લાભાર્થીઓની મહત્તમ સંખ્યા, જાગૃતિ શિબિરોનું આયોજન અને નાણાંકીય અને હિસાબી કામગીરી સમયસર પૂર્ણ કરવાની બાબતો ધ્યાનમાં લઈને રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી તરફથી આ નિગમને શ્રેષ્ઠ કામગીરી એવોર્ડ તા. ૧૩-૧-૧૭ના રોજ નવી દિલ્હી ખાતે રજત જયંતિ ઉજવણી સમારોહમાં આપવામાં આવ્યો હતો.

આ સિદ્ધિ નિગમ તેમજ રાજ્ય સરકાર માટે મહત્વની છે તેથી આ એવોર્ડ મળતા મુખ્યમંત્રીએ, મંત્રીશ્રી આત્મારામભાઈ પરમાર અને રાજ્યકક્ષાના મંત્રીશ્રી કેશાજી ચૌહાણે આનંદ વ્યક્ત કર્યો હતો. મુખ્ય સચિવ જે.એન. સિંહ અને અગ્ર સચિવ કમલ દયાનીએ અભિનંદન પાઠવ્યા હતા.

આ નિગમે અત્યાર સુધીમાં ૮૭૦૦ જેટલા લાભાર્થીઓને ૪૧ કરોડનું ધિરાણ કર્યુ છે. જેમાં ૪૧૦ થી વધુ વિદ્યાર્થીઓને ૭ કરોડ ની લોન ચૂકવી છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે તા-૧૭/૧૧/૨૦૧૬ના રોજ ૫૪૦ લાભાર્થીઓને રૂ.૩.૩૦ કરોડનું ધિરાણ કરવામાં આવ્યુ હતુ. ચાલુ નાણાંકીય વર્ષમાં ૧૫૦૦ થી વધુ લાભાર્થીઓને રૂ.૧૦ કરોડનું ધિરાણ આપવાનું આયોજન છે.






પાલનપુર ડીસા હાઈવે પર આવેલ સંત શ્રી રાજારામ ગુરુકુળ સંસ્થા ખાતે ૬૮ માં પ્રજાસત્તાક દિન નિમિતે ધ્વજવંદન સમારોહ યોજ્યો હતો જ્યાં સમાજ અગ્રણી ભરતભાઈ પટેલે રાષ્ટિયધ્વજ ફરકાવી તિરંગાને સલામી આપી હતી. આ પ્રસંગે સંત રાજારામ ગુરુકુળના નિયામક એલ. કે. પટેલ, આચાર્ય મહેન્દ્રભાઈ જોશી, ભીખાભાઈ ચૌધરી, વેલજીભાઈ પટેલ સહિત શાળા સ્ટાફ અને વિધાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા. આ પ્રસંગે શાળાના બાળકોએ દેશભક્તિને રજુ કરતા એશા દેશ હે મેરા ગીત પર પંજાબી નૃત્ય રજુ કરી સૌને મંત્ર મુગ્ધ કરી દીધા હતા.

## એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ, સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડને ઉત્કૃષ્ટ સેવા બદલ સર્વોચ્ચ સન્માન મળ્યું

અમદાવાદ, તા. ૨૭



પ્રજાસત્તાક દિન ૨૦૧૭ની પૂર્વસંધ્યાએ ભારતના આદરણીય રાષ્ટ્રપતિએ એર માર્શલ રવિન્દર કુમાર ધીર એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ (સ્વાક)ને પરમ વિશિષ્ટ સેવા મેડલ એનાયત કર્યો છે. પરમ વિશિષ્ટ સેવા મેડલ સૌથી ઉત્કૃષ્ટ કામગીરી બદલ એનાયત થતો પ્રતિષ્ઠિત એવોર્ડ છે. એર માર્શલ ધીરે ૦૧ જૂન, ૨૦૧૫ના રોજ સ્વાકની કમાન સંભાળી હતી.

પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર વાયુ દળના અધિકારીઓની યાદીમાં સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના અન્ય કેટલાંક અધિકારીઓ પણ સામેલ છે.

જ્યારે એર કોમોડોર્સ બી મનિકંટન અને માનસિંહ અવાનાને અતિ વિશિષ્ટ સેવા મેડલ, સ્ક્વેડ્રન લીડર રિજુલ શર્માને વાયુ સેના મેડલ (ગેલેન્ટ્રી) મળ્યો છે.

વાયુ સેના મેડલ્સ મેળવનાર અન્ય વિજેતાઓમાં ગ્રૂપ કેપ્ટન્સ જસપ્રીત સિંહ, મનોજ નાયર અને નિશાંત સિંહ સામેલ છે. એર વાઈસ માર્શલ કે. એસ. બાબુ, એર કોમોડોર્સ વીકેએસ યાદવ, ડી. વેદજન અને માસ્ટર વોરન્ટ ઓફિસર જે. એસ. માનને વિશિષ્ટ લેવા મેડલ એનાયત થયો છે.

# મોડાસા પ્રજાસત્તાક પર્વની રંગારંગ દબદબાભેર ઉજવણી

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ૨૬ જાન્યુઆરીએ ૬૮મા પ્રજાસત્તાક પર્વની આન, બાન અને શાન સાથે તિરંગા ધ્વજ લહેરાવી સલામી આપી રંગારંગ દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા શહેર ૬૮મા પ્રજાસત્તાક દિન નિમિત્તે સમગ્ર શહેર રોશનીથી જળહળી ઉઠ્યુ હતુ. શહેરના દરેક વિસ્તારોમાં દેશભક્તિના ગીતો સતત દિવસભર ગુંજતા રહ્યા હતા. શહેરના નગરજનોમાં ૬૮મા પ્રજાસત્તાક પર્વનો અલભ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, રાજકીય પક્ષોએ અને નગરજનોએ ૬૮મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી યાદગાર બનાવ્યો હતો.

મોડાસા શહેરની લાયન્સ કલબ, શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે મોડાસા કેળવણી મંડળ, મખદૂમ કેળવણી મંડળ, ધી. મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, સરસ્વતિ વિદ્યાલય, મદની હાઈસ્કૂલ, ધી ઘાંચી હાઈસ્કૂલ, કરમીયા ગર્લ્સ હાઈસ્કૂલ, સરસ્વતિ બાલ મંદિર મંડળ, સરકારી કચેરીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ અર્ધ સરકારી કચેરીઓ દ્વારા ૬૮મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ ભાવના ઉજાગર કરતા નાટકો અને પ્રજાસત્તાક પર્વનું મહત્વ સમજાવતા પ્રવચનો અને વક્તૃત્વનું આયોજન કરવામાં આવ્યું હતું.



૬૨મા વર્ષમાં સતત શૈક્ષણિક સેવાઓમાં અગ્રેસર અને મધ્યમ વર્ગીય તેમજ ગરીબવર્ગના બાળકોમાં ઉચ્ચ શિક્ષણ આપતી સરસ્વતિ બાલ મંદિર મંડળની રત્નદિપ સોસાયટી શાખામાં ૬૮મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. મોડાસાની સાર્વજનિક હોસ્પિટલના જાણીતા જોઈન્ટ રીપ્લેસમેન્ટ ઓર્થોપેડિક સર્જન કલ્પેશ ચારલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતુ.






## અરવલ્લીમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

અરવલ્લી જિલ્લામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી દરમિયાન મોડાસાના રમતવીર છાત્ર સહિત જિલ્લાના તાલુકા-ગામોના શ્રેષ્ઠ કામગીરી સહિતના એવોર્ડ વિજેતાઓનું શ્રમ અને રોજગાર મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય કક્ષાની રમતમાં ગોલ્ડ વિજેતા છાત્ર અને આરોગ્ય સેવામાં ઉત્તમ કામગીરી કરનારાનેનો સમાવેશ થાય છે. મોડાસાની સર્વોદય હાઈસ્કૂલના છાત્ર ધવલ એમ.ખીલવાણી નેશનલ કક્ષાએ સોફ્ટ ટેનિસ સ્કૂલ ગેઈમમાં સિલ્વર મેડલ વિજેતા થતા તેનું તેમજ લુસડીયામાં આરોગ્ય સંજીવની વાનમાં સેવારત મેડિકલ ઓફિસર ડૉ. નીલમ પી.પંચાલનું, ૧૦૮ ઈમરજન્સી સેવન બાયડના પાયલોટ તખતસિંહ, મોડાસા ઈએમટી પ્રમોદભાઈ ઉપરાંત સ્વાતંત્ર્ય સેનાનીઓ, બુઝુર્ગ વરીષ્ઠો નું પણ શ્રમ અને રાજગાર મંત્રી દીલિપકુમાર ઠાકોરના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે મોડાસા તાલુકાના મેઢાસણની હાઈસ્કૂલમાં યોજાયેલા તાલુકા કક્ષાના ગણતંત્ર દિવસની ઉજવણી મામલતદાર ગિરીશભાઈ પટેલના હસ્તે થતા પ્રમુખ જગદીશભાઈ પટેલ, આચાર્ય પુનમભાઈ પંચાલ મંત્રી બીપીનભાઈ સી. શાહ (પી.એમ. કોઠારી હાઈ. ટી ટો ઈના સુપરવાઈઝર) વગેરેએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

# ચિલોડા ખાતે પ્રજાસત્તાક દિનની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૨૭

તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા તથા ગુરૂકુળ સ્વામિનારાયણ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે ૬૮મા પ્રજાસત્તાક દિનની ઉજવણી સમારોહ પૂર્વ સરપંચ કેશાભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે પ્રમુખ કેશાભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરી સલામી આપી હતી.

આ પ્રસંગે શાળામાં અભ્યાસ કરતી ખેલાડી ભૂમિ પી. પટેલ નેશનલ રગ્બી રમતમાં ભાગ લઈ શાળાનું અને ગામનું ગૌરવ વધારવા બદલ ટ્રોફી આપી સન્માન કરાયું હતું.

આ સાથે વ્યાયામ શિક્ષક પ્રિતેશભાઈ પટેલ દ્વારા માર્ગદર્શન આપવા બદલ શાલ ઓઢાડી શિલ્ડ આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે શાળાની તેજસ્વી વિદ્યાર્થીને નટુભાઈ પટેલના હસ્તે રોકડ પુરસ્કારનો ચેક આપી સન્માનિત કર્યા હતા.

આ પ્રસંગે પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે શાળાના બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ઉલ્લાસભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળા નિયામક પી.પી. પટેલ, મંડળના સભ્યોશ્રી આચાર્ય સી.એચ. પટેલ, આચાર્ય માનસિંહ ચૌધરી વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## હિમસ્ખલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહી હતી. બાંદીપોરામાં અંકુશરેખા નજીક બરફની એક મોટી શીલા સેનાના શિબિર ઉપર પડી હતી. જેમાં અનેક જવાનો ફસાઈ ગયા હતા. ૧૦ના મૃતદેહ ગઈકાલે જ મળી આવ્યા હતા. વધુ ચારના મૃતદેહ આજે હાથ લાગ્યા હતા. એક જુનિયર કમિશનર અધિકારી સહિત સાત જવાનોને બચાવી લેવામાં આવ્યા છે. ગુરેજ સેકટરમાં પણ આવી જ હિમશીલા પડી હતી. જેના કારણે ભારે નુકસાન થયું છે. સમગ્ર વિસ્તારમાં અતિ ભારે હિમવર્ષાના પરિણામ સ્વરૂપે હાલત કફોડી બનેલી છે. ગંદરબાલ જિલ્લામાં પણ મુશ્કેલ સ્થિતિ સર્જાયેલી છે. ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે.

## ભવ્ય પરેડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાળકોના રંગારંગ કાર્યક્રમોએ તમામનું ધ્યાન ખેંચ્યું હતું. રાજપથની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. દેશના અન્ય ભાગોમાં પણ પરંપરાગત રીતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વખતે જુદી જુદી ઝાંકીઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી યોજનાઓને રજૂ કરવામાં આવી હતી. જેમાં મેક ઈન ઈન્ડિયાનો યોજનાનો સમાવેશ થાય છે. આ વખતે મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલાઓએ પણ પરેડમાં ભાગ લીધો હતો. ત્રણ સેનામાં મહિલા ટુકડીમાં પરેડમાં નજરે પડી હતી. રાજપથથી ઐતિહાસિક લાલ કિલ્લા સુધી મંગળવારે પરંપરાગતરીતે પ્રજાસત્તાકની પરેડ દરમિયાન જુદા જુદા રાજ્યોની ઝાંખીઓ પણ રજૂ કરવામાં આવી હતી જેમાં સાંસ્કૃતિકના દર્શન થયા હતા. ગુજરાતની ઝાંકી પણ રજૂ કરવામાં આવી હતી. દુનિયામાં સૌથી વધારે સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ભારતની સાંસ્કૃતિક, કલા, સંગીત અને તહેવારની ઝલક નજરે પડી હતી. વિજયચોકથી ઐતિહાસિક લાલકિલ્લા સુધી બંને બાજુએ મોટી સંખ્યામાં લોકો ઉત્સાહિત દેખાતા હતા. પરંપરાગત રીતે ભારતની એકતા અને સંસ્કૃતિ રજૂ કરવામાં આવી હતી. સૈનાએ શાનદાર પરેડ યોજી હતી. મોદીએ વડાપ્રધાન તરીકે બીજી પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. મોદી રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સલ નજરે પડ્યા હતા. વિપક્ષી સભ્યો પણ હાજર રહ્યા હતા.

## મોદીના પ્રહારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે કોમ્યુનિસ્ટ પાર્ટી અને સમાજવાદી પાર્ટી સાથે સમજૂતિ કરી રહી છે. મોદીએ એમ પણ કહ્યુ હતું કે આ પક્ષો સાથે કોંગ્રેસની રાજકિય લડાઈ રહી હોવા છતાં કોંગ્રેસે પોતાને બચાવવા માટે આ પક્ષો સાથે ચૂંટણી જોડાણ કરવાની તક છોડી નથી. પશ્ચિમ બંગાળ અને ઉત્તરપ્રદેશમાં તેમની સાથે ગઠબંધન કરીને આની સાબિતી આપી દીધી છે. જે પાટીએ જે કોઈ ચીજને ફેંકી દીધી છે તેને સ્વીકારી લેવામાં આવી છે. સમગ્ર સંબોધન દરમ્યાન મોદીએ આમ આદમી પાર્ટી ઉપર પોતાના પ્રહાર કર્યા ન હતા અને સીધી રીતે ઉલ્લેખ કર્યો ન હતો. મોદીએ ભાષણની શરૂઆત અને અંતમાં ભારત માતાની જયના નારા લગાવ્યા હતા. મોદીએ પંજાબની નશાખોરીના મુદ્દાને ઉઠાવનાર પાર્ટીઓ ઉપર પણ પ્રહાર કર્યા હતા અને કહ્યુ હતું કે પ્રદેશમાં યુવાઓની પ્રતિષ્ઠા ખરડવાના પ્રયાસ થઈ રહ્યા છે. સર્જિકલ સ્ટ્રાઈકનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સર્જિકલ સ્ટ્રાઈક બાદ જ્યારે તેઓ પંજાબમાં આવ્યા હતા ત્યારે લોકો આ બાબતને લઈને ખુબજ ખુશ હતા. કેન્દ્ર સરકાર દ્વારા વન રેન્ક વન પેન્શન, નોકરીમાં ઈન્ટરવ્યુંની પ્રથાને ખતમ કરવાની ઉપલબ્ધતાની સિદ્ધિનો પણ ઉલ્લેખ કર્યો હતો. મોદીએ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલની ભારે પ્રશંસા કરી હતી. તેમણે કહ્યુ હતુ કે આટલા વર્ષો વીતી ગયા હોવા છતાં કોઈપણ વિપરીત પરિસ્થિતિ હોવા છતાં પ્રકાશસિંહ બાદલે કોઈ પાર્ટી બદલી ન હતી અને મન પણ બદલ્યા ન હતા.

## કઠોર કાયદો લાવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. રાહુલ ગાંધીએ જાહેરાત કરી હતી કે કોંગ્રેસ પાર્ટી જીતશે તો અમરિંદરસિંહ પંજાબના મુખ્યમંત્રી બનશે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષે વચન આપતા કહ્યું હતું કે સરકારમાં આવ્યા બાદ કોંગ્રેસ એવા કાયદા બનાવશે જેના કારણે ડ્રગ્સનો કારોબાર કરી રહેલા લોકોમાં ફફડાટ ફેલાઈ જશે. રાહુલે કહ્યુ હતું કે જે લોકોએ પંજાબને નુકસાન પહોંચાડ્યું છે તે લોકોને જેલભેગા કરીને બતાવીશું. અમે પંજાબની લડાઈ લડવા માટે પણ તૈયાર છીએ. તેઓ બે ત્રણ ચીજો લોકોને કહેવા માંગે છે. તેમણે એમ પણ કહ્યું હતુ કે અમે એવા કાયદા લાવીશું જેને વિચારીને ડ્રગ્સનો કારોબાર કરનાર લોકોમાં ફફડાટ ફેલાઈ જશે. રાહુલે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે બાદલ પરિવારની બસને મોકલી દેવા લોકો હવે સજ્જ છે. પંજાબની આ પરિવહન વ્યવસ્થા છે જેને બદલવા માટે રાજ્યના લોકો સંપૂર્ણપણે સજ્જ થઈ ચુક્યા છે. અમે ઈન્ડસ્ટ્રી અને બિઝનેસમાં ચૂંટાયેલા પરિવારના પ્રભુત્વને તોડી પાડવા માટે કટિબદ્ધ છીએ. સામાન્ય લોકો માટે કોઈ તક રહી નથી. રાહુલે ઉમેર્યું હતું કે ચાર વર્ષ પહેલા પણ તેઓ કહી ચુક્યા છે કે ૭૦ ટકા યુવાનો ડ્રગ્સના કારોબાર કરી રહ્યા છે. સાથે સાથે આ ૭૦ ટકા યુવાનો ડ્રગ્સના કારણે બરબાદ થઈ ચુક્યા છે. તે વખતે બાદલો દ્વારા તેમનું અપમાન કરવામાં આવ્યું હતું. હવે સમગ્ર પંજાબ એજ વાત કરે છે. જે વાત તેઓએ ચાર વર્ષ પહેલા કરી હતી. રાહુલ કેજરીવાલ ઉપર પણ વળતા પ્રહાર કર્યા હતા.

## નશામુક્ત કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાહેરાતમાં સ્પષ્ટપણે નજરે પડે છે. વીજળી બીલમાં રાહત આપવાનું વચન પંજાબની પ્રજાને એએપી દ્વારા ચૂંટણી ઢંઢેરામાં આપવામાં આવ્યું છે. કેજરીવાલ દ્વારા પ્રચાર દરમ્યાન કરવામાં આવેલી બાબતોને ઘોષણાપત્રમાં જગ્યા આપીને કોઈ દલિત નેતાને નાયબ મુખ્યમંત્રી પદ આપવાની વાત પણ કરવામાં આવી છે. ખાસ બાબત એ છે કે પાર્ટીએ એક મહિનાની અંદર જ પંજાબને નશામુક્ત બનાવવાની ખાતરી આપી છે. ૪૦૦ યુનિટ સુધી વીજળી બિલ અડધા કરવાની જાહેરાત કરી છે. ગામ અને શહેરોમાં હેલ્થ ક્લિનિક અને ફ્રી ટેસ્ટ કરવાની વાત કરી છે. બેઘર લોકોને ઘર આપવાની વાત કરાઈ છે. આઠમાં સુધીના બાળકોને ફ્રી લેપટોપ, તમામ સ્કુલોમાં સીસીટીવી કેમેરા, શિક્ષકોની ૩૦ હજાર ખાલી જગ્યા તરત ભરવા, ૨૫ રોજગારીની તકો ઉભી કરવાની ખાતરી આપવામાં આવી છે. તમામ પ્રકારના માફિયાઓનો વહેલીતકે અંત લાવવાની ખાતરી અપાઈ છે. સામાજિક સુરક્ષા પેન્શનને વધારીને ૨૫૦૦ રૂપિયા કરવાની ખાતરી આપવામાં આવી છે. સબસીડીવાળી કેન્ટીન અને પાંચ રૂપિયામાં ભોજનની વાત કરવામાં આવી છે.

## નવી દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન લેવાતા ગામોમાં રસ્તાનુ ઠેકાણુ પડ્યુ ન હતુ. ત્યારબાદ પાંચેય ગામોમાં સી સી રોડ બનાવવા માટે નવેસરથી દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જેમાં સી ટી પી નો અભિપ્રાય લઈને રોડ મેપ તૈયાર કરાયો હતો. જેના અંતે તંત્ર દ્વારા નવા અંદાજો સાથે રસ્તા નિર્માણની કામગીરી અંગે કાર્યયોજના તૈયાર કરી છે. શહેરી વિસ્તારમાં સી ટી પી દ્વારા સુચવાયા મુજબ માર્ગ નવિનીકરણની કામગીરી માટે રૂ ૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આ દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ શહેરી વિસ્તારના ગામોમાં સી સી રોડનુ કામ હાથ ધરાશે.

## ડેન્ગ્યુના વધ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પક્ષીકુંજ, અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીઓ એ ડેન્ગ્યુના મચ્છરોના ઉછેર માટે સૌથી વધુ કારણભૂત જણાયેલ છે.

તંત્રએ આખા વર્ષ દરમ્યાન ૧૧ હજાર જેટલા આવાસોમાં ફોગીંગ દ્વારા એન્ટીલારવેલની કામગીરી કરી હતી.

શહેરમાં ડેન્ગ્યુના ૧૦થી વધુ કેસો સે. ૭, ૫, ૧૩, ૩૦ અને ૨૪માંથી મળ્યા છે. આ સેક્ટરોમાં ૧૦થી વધુ કેસ આખા વર્ષમાં મળ્યા હતા. જ્યારે ૫ થી વધુ પણ ૧૦ થી ઓછા એવા કેસો સે. ૨, ૮, ૬, ૧૨, ૨૮માંથી મળ્યા હતા.

શહેરમાં સે. ૭, ૫, ૧૩, ૩૦ અને ૨૪ એ ડેન્ગ્યુ માટે સૌથી સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી આવ્યા છે.

૨૦૧૫માં ૫૭૩ નમૂનાઓનું પરીક્ષણ ડેન્ગ્યુ માટે કરવામાં આવ્યુ હતુ. જ્યારે સિવિલ હોસ્પિટલ અને ૨૦૧૬માં ૯૧૨ કેસોનું પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. એલાયઝા ટેસ્ટની સિવિલ હોસ્પિટલમાં ઉભી થયેલી સુવિધાને પગલે ડેન્ગ્યુને વધુ વકરતો અટકાવવામાં તંત્રને સફળતા મળી હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે.

શહેરના પાંચ સેક્ટરો એવા છે જ્યાં સરકારી આવાસો વધુ બંધ હાલતમાં જણાયા હોવાથી ત્યાં પણ મચ્છરોના બ્રિડીંગ વધારે મળ્યા હોવાનો ઘટસ્ફોટ મેલેરિયાતંત્રએ તેના અહેવાલમાં કર્યો છે. આવા સેક્ટરોમાં સે. ૨૮, ૩૦, ૧૭, ૨૧ અને ૨૩નો સમાવેશ થાય છે.

તંત્રએ આગામી વર્ષે પક્ષીકુંજનું વિતરણ કરતી સંસ્થાઓ સાથે બેઠક કરી અને આ પક્ષીકુંજની સ્વચ્છતા જાળવવા તેમજ તેના વિતરણ પછી નિકાલ માટેની વ્યવસ્થા કરવા પર ભાર મુકવાનો નિર્ણય કરેલ છે.

શહેરી વિસ્તારનું કદ પહેલાં જે હતુ તેના કરતાં હવે વધ્યુ હોવાનું અને સ્ટાફની અછત હોવાની વાતનો પણ ઉલ્લેખ આ અહેવાલમાં કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે વાહકજન્ય રોગચાળા માટે બહારથી આવતા મજૂરો, રોજગારી માટે શહેરની બહાર જતા લોકો અન્ય વિસ્તારોમાંથી રોગ લઈ આવતા હોવાનું કારણ પણ દર્શાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

## પરિષદનો રોષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય છે તેથી તેનું આયોજન કરવું અનિવાર્ય છે. વધુમાં કે રાજ્યોમાં ૧૮ હજારથી વધુ ગામડાઓ છે. આ ગામડાઓમાં અનેક પરા વિસ્તાર આવેલ છે. જ્યાં સી.સી. રોડ બનાવવા આવશ્યક છે. જે બાબત ધ્યાને રાખી જિલ્લા પંચાયત દ્વારા ઠરાવ કરી આયોજન કરવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારની આંતરિક સુવિધાની જાળવણી કરવાની જવાબદારી જિલ્લા પંચાયતને સુપ્રત થયેલ છે. પંચાયત એક્ટની કલમ-૧૭૫ મુજબ જિલ્લા પંચાયતને સુપ્રત થયેલ કાર્યો અને ફરજોના ભાગરૂપે ગ્રામીણ રસ્તા બનાવવા અંગેની કામગીરી જિલ્લા પંચાયતને સુપ્રત કાર્યો અને ફરજોની કામગીરીમાં વિકાસ કમિશનર દ્વારા પત્રથી રોક લગાવી શકે નહિં જેથી તાકીદે તમામ જિલ્લા વિકાસ અધિકારીને જરૂરી સુચના આપી જિલ્લા પંચાયતને સુપ્રત થયેલ કાર્યો અને ફરજો મુજબ થયેલ આયોજન મુજબ સ્ટેમ્પ ડ્યુટીની તેમજ રેતી કાંકરીની ગ્રાન્ટ વાપરવા જરૂરી સુચના આપવા મંત્રીએ જણાવેલ છે.

પંચાયતોને બંધારણીય જોગવાઈ મુજબ પ્રાપ્ત થયેલ કાર્યો અને ફરજોને પત્રને કે હુકમથી રોકી ન શકાય તેવી જરૂરી સુચના વિભાગને આપવા મંત્રીને રજુઆત કરવામાં આવેલ છે અને જો આવી રીતે બંધારણીય રીતે પ્રાપ્ત થયેલ અધિકારોમાં રૂકાવટ લગાવવાના પ્રયાસ કરવામાં આવશે તો રાજ્યના તમામ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના પદાધિકારીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આયોજન કરવાની ફરડ પડશે તેમ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના અધ્યક્ષ રાજેન્દ્ર પારધીએ જણાવ્યુ છે.

## સાહિત્યવૃત્ત

● ૪ પાનાનું ચાલુ...

સાહિત્યિક પ્રકારો અને સર્જકતાની કૅફ - ચર્ચા - ગોષ્ઠી સંદર્ભો સહિત રજૂ કરી હતી. ડૉ. ચિનુ મોદી દ્વારા ખંડકાવ્યો સંદર્ભે, વિનોદ જોશીએ સોનેટ વિષે અને માધવ રામાનુજે છંદના વિનિયોગ સંદર્ભે વિગતવાર નિરુપણ કર્યું હતું, આ બેઠકનું સંચાલન નિલેષ મકવાણાએ કર્યું હતું. જયારે ત્રીજી બેઠકમાં ઉક્ત પ્રકારોના પ્રતિનિધિરૂપ સાહિત્ય સર્જનને લક્ષ્યમાં રાખીને 'બ.ક.ઠા' સોનેટકાર તરીકેની ભૂમિકા અને રસદર્શન 'અંગે' શ્રી જયેશ ભોગાયતાએ વકતવ્ય રજૂ કર્યું હતું જયારે ખંડકાવ્યોના આદ્ય રચયિતા કહી શકાય તેવા 'કાન્ત' નાં ખંડકાવ્યો વિશે દલપત પઢિયારે વકતવ્ય આપ્યું હતું. છંદોબદ્ધ કવિતાઓ સંદર્ભે 'રાજેન્દ્ર શાહની કાવ્યસૃષ્ટિ' માં મણિલાલ હ. પટેલ દ્વારા સર્વેને ભાવયાત્રામાં સામેલ કરાયા હતા. આ બેઠકનું સંચાલન ભરત ખેનીએ કર્યું હતું.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને 'અનુવાદ ભાષા શિક્ષણ' ના સંયુક્ત ઉપક્રમે, કર્મા ફેકે, અમદાવાદ ખાતે ગુજરાતી ગીત રચનાઓનો હિન્દી અનુવાદ માટે બીજી શિબિર યોજાઈ ગઈ, જેમાં તજજ્ઞ તરીકે ડૉ. આલોક ગુપ્તા, ડૉ. દલપત પઢિયાર અને ડૉ. ચિનુ મોદી ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં ડૉ. દૃષ્ટિ પટેલ, ડૉ. ગાર્ગી શાહ અને વિંદ્રા મનજીતે અનુવાદક તરીકે ભાગ લીધો હતો. શિબિરના અતિથિ વિશેષ તરીકે ગુજરાતના જાણીતા સાહિત્યકાર મધુરાય ઉપસ્થિત રહ્યા હતા.

● નર્મદ સાહિત્ય સભાદ્વારા - સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને લલિત નિબંધકાર મણિલાલ હ. પટેલને સુરત ખાતે નર્મદ ચંદ્રક એનાયત કરાયો. સને ૨૦૧૦ થી ૨૦૧૪ના વર્ષોમાં પ્રકાશિત નિબંધસંગ્રહોમાંથી મણિલાલના નિબંધ સંગ્રહ 'ધૂળમાં ઊડતો મેવાડ'ને શ્રેષ્ઠ નિબંધસંગ્રહ તરીકે ઘોષિત કરાયો છે.

-muljibhaidadhi@gmail.com